# અખબાર યાદી

**જિલ્લાના પ્રવાસન અને યાત્રાધામોના વિકાસના પ્રોજેક્ટો માટે નોડલ ઓફીસરની નિમણૂક બાબત**

સરકારશ્રીના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક-ટીડીસી-૧૨-૨૦૧૪-૭૪૧૯૭૯-સ, તા.૦૨/૦૧/૨૦૧૫ની જોગવાઇ મુજબ ખેડા જિલ્લાના પ્રવાસન અને યાત્રાધામોના વિકાસના પ્રોજેક્ટો માટે માસિક રૂ.૨૫૦૦૦/- ફિક્સ પગારથી કરારના ધોરણે જિલ્લા કક્ષાએ ૧ (એક) નોડલ ઓફીસરની નિમણૂક કરવાની થાય છે. જેથી નોડલ ઓફીસરની નિમણૂક કરવા માટે બેચલર ઓફ એન્જીનીયરીંગ (સિવિલ) અથવા તેની સમકક્ષ અથવા વધુ ઉચ્ચ લાયકાત ધરાવતા જ ઉમેદવારોને પોતાના વર્તમાન બાયોડેટા લાયકાતના પ્રમાણપત્ર, અનુભવનું પ્રમાણપત્ર (અસલમાં તથા જરૂરી ફોટોકોપી સાથે) પાસપોર્ટ સાઇઝના ફોટા નંગ-૨ સાથે સીલબંધ કવરમાં કચેરીના કામકાજના દિવસો અને સમયે તા. ૦૧-૦૧-૨૦૨૪ થી તા. ૧૨-૦૧-૨૦૨૪ ના રોજ ૧૫.૦૦ કલાક સુધીમાં રૂબરૂ અથવા રજી.પો.એ.ડી.થી નાયબ કલેક્ટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, બીજો માળ, કલેક્ટર કચેરી, કણજ રોડ, નડીઆદ ખાતે મોકલી આપવાની રહેશે.

(૧) વયમર્યાદા: અરજદારની ઉંમર જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખના રોજ ૪૦ ચાલીસ) વર્ષથી વધુ હોવી જોઈએ નહી

(૨) શૈક્ષણિક લાયકાત:

(૧) બેચલર ઓફ એન્જીનીયરીંગ (સિવિલ) અથવા તેની સમકક્ષ અથવા વધુ ઉચ્ચ લાયકાત ધરાવતા હોવા જોઇએ.

(૨) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી સામાન્ય નિયમો-૧૯૬૭ માં જણાવ્યા મુજબ કોમ્પ્યુટર ઉપયોગનું પાયાનું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.

(૩) ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી ભાષાનું પુરતુ જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.

(૩) અનુભવ : આર્કિટેક્ટ કર્મ કન્સલ્ટન્ટની કામગીરી તથા પ્રવાસન વિકાસના કામો માટેની કામગીરીના અનુભવી ઉમેદવારોને પ્રથમ પસંદગી આપવામાં આવશે.

(૩) ઉમેદવારે અરજીપત્રક સાથે આનુષંગિક પુરાવા, તમામ માર્કશીટની પ્રમાણિત નકલ, અને અનુભવનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૪) આ અંગેના અરજીપત્રકનો નમૂનો, લાયકાત, અનુભવ, બોલીઓ, શરતો, ફરજો તથા જવાબદારી વિગેરેની સંપૂર્ણ વિગતો નાયબ કલેક્ટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, બીજો માળ, જિલ્લા સેવા સદન, નડીઆદમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં મેળવી શકાશે.

(૫)ડેકલેરેશન: કોઈ ગુનાહિત કૃત્યમાં સંડોવાયેલા નહી હોવા અંગેનું ડેકલેરેશન રજૂ કરવાનું રહેશે.

નં.પ્રવાસન-યાત્રાધામ/વશી/૨૦૨૩/

સ્થળ- કલેક્ટર કચેરી, ખેડા-નડીઆદ

તારીખ: ૨૮ / ૧૨ /૨૦૨૩

(કે.એલ. બચાણી)

કલેક્ટર, ખેડા-નડીઆદ

(માહિતી/નડી/૫૧૪/૨૦૨૩-૨૪)